


નવરાત્રિના આઠમ નિમિત્તે સેક્ટર ૬ જય અંબે મંદિર ખાતે દીવડાની રોશની કરી આરતી કરવામાં આવી હતી

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



કોરોના વખતે ઘરમાં ઘુસી ગયા અને મને બાળવાની હિંમત નતા કરતા... હવે પાછા આવી ગયા...!!

# અડાલજની ઝુંડાલ કેનાલ પાસે મધરાતે પ્રોફેસર લુંટાયા

**ગાંધીનગરના રાયસણ નજીક શ્રીરંગ ઓએસીસમાં રહેતા પ્રોફેસર કર્ણાવતી કેમ્પસમાં ગરબા માણ્યા બાદ પરત ફરી રહ્યાં હતા : સિગારેટ પીવાના તલબ લાગતા કેનાલે ઉભા રહ્યાં જ્યાં ત્રણ બાઈકસવાર લુંટારૂઓએ છરી બતાવી લેપટોપ સહિત રૂ. ૫૨,૫૦૦ની લૂંટ કરી**

ગાંધીનર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં લૂંટના કિસ્સા વધતા જઈ રહ્યાં છે, હજુ તો સેક્ટર-૨૭માં લૂંટના ઈરાદે હોટલ લીલાના કર્મચારીની કરાયેલી હત્યાની શાહી સુકાઈ નથી ત્યાં અડાલજ પાસે ઝુંડાલ કેનાલના બ્રીજ નજીક એક પ્રોફેસરને છરીની અણીએ લૂંટી લેવાની ઘટના પ્રકાશમાં આવી છે. ઉવારસદ ખાતેના કર્ણાવતી યુનિવર્સિટીના કેમ્પસમાં યોજાયેલા ગરબા માણી પરત ફરી રહેલા પ્રોફેસર જ્યારે કેનાલ પાસે સિગારેટ પીવા ઉભા રહ્યાં ત્યારે બાઈક પર આવેલા ત્રણ ઈસમોએ તેમને છરી બતાવીને અંદાજે રૂ. ૫૨,૫૦૦ની મત્તાની લૂંટ ચલાવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગરના રાયસણ નજીકની શ્રીરંગ ઓએસિસ સોસાયટીમાં રહેતા શુભમ ભારતી સુનીલ ભારતી કુંભાર નામના પ્રોફેસર રહે છે જેઓ કર્ણાવતી યુનિવર્સિટી કેમ્પસમાં યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન સંસ્થામાં ચારેક માસથી નોકરી લાગ્યાં છે. બુધવારે રાત્રે તેઓ કર્ણાવતી કેમ્પસમાં યોજાયેલા ગરબામાં હાજરી આપીને શુભમ ભારતી મોડી રાત્રીએ કારમાં પોતાની ચાંદખેડા ખાતે રહેતી સહકર્મી મિતાલી કપૂરના ઘરે જવા નીકળ્યાં હતા અને રસ્તામાં તેમને સિગારેટ પીવાની તલબ લાગતાં તેઓ ઝુંડાલ નર્મદા કેનાલના બ્રિજ પાસે સર્વિસ રોડ પર કારની પાર્કિંગ લાઈટ ઓન કરી બહાર ઉભા રહી સિગારેટ પી રહ્યાં હતા. આ સમયે એક બાઈક પર ત્રણ અજાણ્યા ઈસમો ત્યાંથી પસાર થતાં તેમને જોઈ બાઈક થોભાવી તેમની તરફ દોડ્યા હતા જે પૈકી એકના હાથમાં છરી હતી. પરિસ્થિતિ સમજી ગયેલાં પ્રોફેસર ઝડપથી ભાગી કારમાં બેસી ગયાં પરંતુ તેટલામાં ત્રણેય ઈસમો આવી પહોંચતા તેમણે છરી બતાવીને જે પણ હોય તે આપી દેવાનો હુકમ કર્યો હતો. રાત્રીના સુનકારમાં આસપાસમાં કોઈ પણ ના હોવાથી પ્રોફેસર પાસે બીજો કોઈ રસ્તો નહોતો. ઈસમોએ તેમની પાસેથી કારમાં રહેલુ સંસ્થા દ્વારા અપાયેલુ નવુ નક્કોર લેપટોપ રૂ. ૨૭૦૦ રોકડાં ભરેલુ પર્સ અને મોબાઈલ ફોનની લૂંટ ચલાવી હતી. ત્યારબાદ કારની ચાવી છીનવી દૂર ફેંકી દીધી હતી જેથી પ્રોફેસર કારની ચાવી લેવા ગયાં ત્યાં સુધીમાં ત્રણેય ઈસમો ફરાર થઈ ગયાં હતા. આ ઘટના અંગે અડાલજ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- આગામી ૧૯-૨૦ ઓક્ટો.ના રોજ કેન્દ્રિય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમીત શાહ ગાંધીનગર આવી રહ્યા છે.
- ગાંધીનગર મનપાના શેલ્ટર હોમમાં રહેતા લોકો માટે ૧૮મી ઓક્ટો.ના રોજ ખાસ વેક્સિનેશન કેમ્પ યોજાશે
- શહેરી વિકાસ વિભાગે આજે પ્રધાનમંત્રી સ્વનિધિ સહાય યોજનાની સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- નવરાત્રી પર્વના અંતિમ દિવસે પણ સરકારની વિવિધ કચેરીઓમાં બપોર પછી કર્મયોગી અને કર્મયોગીનીની હાજરી ઓછી જણાઈ હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે નવરાત્રી પર્વની ઉજવણીના ભાગરૂપે બાંધકામ શાખામાં આરતીનું આયોજન કરાયુ હતુ અને કર્મચારીઓને મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો.
- ગાંધીનગર જિલ્લા ભાજપની પખવાડિક સંકલન બેઠક પ્રભારી ડૉ. હર્ષદ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.
- દહેગામ જમીન વિકાસ બેંકના ચેરમેન તરીકે જગદીશભાઈ બ્રહ્મભટ્ટ તેમજ વાઈસ ચેરમેન તરીકે હાલીસાના કિશોરભાઈ દેસાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે વેક્સિનેશન અભિયાન હેઠળ ૪૨૦૦થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

# ગાંધીનગર પોલીસના રિમાન્ડ પુરા, હવે સચિન વડોદરા પોલીસના હવાલે

**માસુમ બાળકને ત્યજી દેવાના કિસ્સામાં કોર્ટે સચિનના જામીન મંજૂર કર્યા : હીના પેથાણીની હત્યા કેસમાં વડોદરા પોલીસે ધરપકડ કરી**

ગાંધીનગરમાં પેથાપુર સ્વામિનારાયણ મંદિરની ગૌશાળા ખાતે દસ માસના માસુમ બાળકને ત્યજી દેવાના ચકચારી કિસ્સામાં આરોપી સચિન દિક્ષીતના રિમાન્ડ પુરા થયાં હતા. જો કે બીજી તરફ મહેદી ઉર્ફે હીના પેથાણીની હત્યાના કેસમાં વડોદરા પોલીસે સચિનની ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી છે.

ગાંધીનગર પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સચિન દિક્ષિતના રિમાન્ડ પૂર્ણ થતાં તેને વડોદરા પોલીસને ટ્રાન્સફર વોરંટના આધારે સોંપી દેવામાં આવ્યો છે. માસુમ બાળકને તરછોડવાના કેસમાં ૩ દિવસના રિમાન્ડ પૂર્ણ થતા સચિનને ગાંધીનગર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો જેમાં સચિનને કોર્ટે ૧૫ હજારના બોન્ડ પર જામીન આપવામાં આવ્યા છે. બીજી તરફ માસુમ બાળકની માતા જે સચિનની પ્રેમિકા હતી તે મહેંદી ઉર્ફે હીના પેથાણીની વડોદરાના બામોદ ખાતેના ફ્લેટમાં હત્યાના ગુના સબબ વડોદરા પોલીસ દ્વારા સચિનની ધરપકડ કરવામાં આવી હતી હવે વડોદરા પોલીસ દ્વારા હત્યા કેસની તપાસ કરવામાં આવશે. આધારભૂત સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર માસુમ બાળકને ત્યજી દેવાના કિસ્સામાં ગાંધીનગર પોલીસને રિમાન્ડ દરમ્યાન પુરતા પુરાવા મળી ગયાં છે, જો કે હજુ ડીએનએ રિપોર્ટ આવવાનો બાકી છે તેથી બાળક સચિનનુ છે કે નહી તે હજુ સ્પષ્ટ નથી જે દલીલના આધારે કોર્ટે સચિનને જામીન આપ્યા છે.

## વિજયા દશમીના પવિત્ર પર્વે હાર્દિક શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે વિજયા દશમીના પાવન પર્વ નિમિત્તે ગુજરાતના સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. રાજયપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે વિજયા દશમી પર્વ પરમ શ્રદ્ધા અને હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. આ પર્વ અસત્ય પર સત્ય અને આસુરી શકિતઓ પર દૈવી શકિતઓના વિજયનું ઘોતક છે. તેમણે જણાવ્યું હતું કે, વિજયા દશમી પર્વ સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને પરસ્પર ભ્રાતૃભાવને વધુ દૃઢ બનાવશે.

# ગરવા ગુજરાતનો સાહિત્યિક વારસો અલભ્ય અને અદભુત છે : ભૂપેન્દ્રભાઈ પટેલ

**ગુજરાત દીપોત્સવી અંક-૨૦૭૭નું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ**

ગાંધીનગર, તા. ૧૪

માહિતી ખાતા દ્વારા પ્રકાશિત ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત-૨૦૭૭ ને લોકાર્પિત



કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ગરવા ગુજરાતનો સાહિત્યિક વારસો અલભ્ય અને અદભુત છે.

ગુજરાતનું ખમીર અને ઝમીર દીપોત્સવી અંકના માધ્યમથી ઉજાગર થાય છે. લબ્ધપ્રતિષ્ઠિત ગુજરાતી સાહિત્ય સર્જકોની નિવડેલી કલમે ગુજરાત દીપોત્સવી અંક વાંચકો માટે પ્રતિવર્ષનું યાદગાર સંભારણું બની જતું હોય છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથને જણાવ્યું હતું કે ગુજરાત દીપોત્સવી અંક ગુજરાતી વાચકોમાં જબરજસ્ત લોકચાહના ધરાવતું અત્યંત લોકપ્રિય પ્રકાશન છે. મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘે ગુજરાત દિપોત્સવી અંકની રૂપરેખા આપી હતી. માહિતી નિયામક ડી.પી. દેસાઈએ ગુજરાત દીપોત્સવી અંકની વિગતો આપતાં જણાવ્યું હતું કે લબ્ધપ્રતિષ્ઠિત ચિંતકોની કલમે ૩૧ અભ્યાસલેખો, ૩૨ નવલિકાઓ, ૧૯ વિનોદિકાઓ, ૧૦ નાટિકાઓ અને ૯૯ કાવ્ય રચનાઓથી દીપોત્સવી અંક દિવાળીના તહેવારોમાં વાંચકો માટે ઉત્તમ વાંચન રસથાળ બની રહેશે. આ ઉપરાંત ગુજરાતના જાણિતા ચિત્રકારો અને તસવીરકારોની ચિત્રો અને તસવીરોથી ગુજરાત દીપોત્સવી અંક નયનરમ્ય અને આકર્ષક રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે અધિક માહિતી નિયામકો સર્વ અરવિંદભાઈ પટેલ અને પુલકભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લાઓમાં ટેકનીકલ સ્ટાફની ઝડપથી ભરતી કરો : પંચાયત પરિષદ

ગાંધીનગર, તા. ૧૪

જિલ્લાઓમાં ટેકનીકલ સ્ટાફની અછત હોવાને કારણે ઘણા બધા કામો વિલંબમાં પડ્યા હોવાની તીવ્ર રજુઆત ગઈકાલે પંચાયત પરિષદના આગેવાનો અને બાંધકામ સમિતિના ચેરમેનોએ રાજ્યના માર્ગ-મકાન મંત્રી પૂર્ણેશ મોદીને કરી હતી.

ગઈકાલે સરકીટહાઉસ ખાતે યોજાયેલી બેઠકમાં પંચાયતી રાજ સંસ્થાના આ હોદ્દેદારોએ એસ.ઓ.આર.ના ભાવમાં સુધારો કરવા, જિલ્લા પંચાયતોના પ્રમુખોને જિલ્લામાં ચાલતા અંદાજપત્રિય બાંધકામના કામોમાં સત્વરે જોબ નંબર આપવા, નોન પ્લાન હેઠળના ગ્રામ્ય રસ્તાઓની મરામત અને તે અંગે નાણાંકીય જોગવાઈ થાય તે અંગેની નીતિ ઘડવા, ટોલ ટેક્ષમાં પંચાયતના વાહનોને મુક્તિ આપવા સહિતના મુદ્દાઓની રજુઆત કરી હતી.

આ હોદ્દેદારોએ જિલ્લા પંચાયતના બાંધકામના ટેન્ડર પ્રક્રિયામાં પંચાયતોના પ્રમુખો અને બાંધકામ સમિતિના ચેરમેનોને સામેલ કરવામાં આવે તેમજ પંચાયતની મિલ્કતોની જાળવણી અને નિભાવણી માટે સરકારે ખાસ ગ્રાન્ટ ફાળવવી જોઈએ તેવી રજુઆત પણ કરી હતી.

રાજ્યના માર્ગ-મકાન મંત્રી પૂર્ણેશ મોદીએ તેમને કરવામાં આવેલી આ રજુઆતો અંગે સંપૂર્ણ હકારાત્મક અને ખુલ્લામને વિચારણા કરી યોગ્ય કરવાની ખાત્રી આપી હતી.

આ બેઠકમાં પંચાયત પરિષદના પ્રમુખ સુશ્રી નયનાબેન પટેલ, ઉપપ્રમુખ ભૂપતભાઈ બોદર, ભરતસિંહ ગોહિલ, કામિનીબેન સોલંકી, પર્યુલાબેન વસાવા, ભરતભાઈ ગાજીપરા, ગાંધીનગર જિ. પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## અડાલજ મુકામે જિલ્લા કબડ્ડી સ્પર્ધામાં ચિલોડા ડભોડા વિભાગ ટીમે ગૌરવ વધાર્યુ

ગાંધીનગર જિલ્લામાં વિવિધ ખેલ-સ્પર્ધાઓ અન્ડર-૧૯ શાળાકીય કક્ષાએ યોજાઈ રહી છે. જ્યારે જિલ્લા અન્ડર-૧૯ કબડ્ડી સ્પર્ધા ભાઈઓ અને બહેનોની અડાલજ મુકામે યોજાઈ હતી. જેમાં આ સ્પર્ધામાં ચિલોડા હાઈસ્કૂલની બહેનો બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો તથા ભાઈઓમાં ચિલોડા હાઈસ્કૂલ તથા વડોદરા હાઈસ્કૂલના ખેલાડી ભાઈઓએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી ચિલોડા-વિભાગનું ગૌરવ વધાર્યુ હતુ.

# દેવાંશના હત્યારાઓના છ દિવસના રિમાન્ડ મંજૂર

**ભણવામાં હોશિયાર માનવ પવાર મા-બાપના અવસાન પછી કુછંદે ચઢી ગયો**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સે. ૨૭માં લૂંટના ઈરાદે હોટલ લીલાના કર્મચારી દેવાંશ ભાટીયાની હત્યા કરનાર ચારેય આરોપીઓને પોલીસે આજે કોર્ટમાં રજૂ કર્યા હતા. કેસની વધુ તપાસ માટે કોર્ટે ચારેય આરોપીઓના છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

શહેરના સેક્ટર-૨૭માં ભાડાના મકાનમાં રહેતા મૂળ વડોદરાના દેવાંશ ભાટીયાની ગત તા. ૮મી ઓક્ટોબરે હત્યા કરવામાં આવી હતી જે કેસમાં ગાંધીનગર પોલીસ દ્વારા સેક્ટર-૧૩ના છાપરામાં રહેતા માનવ ઉમેશભાઈ પવાર, આશિષ મહેશભાઈ સોલંકી (રહે. પ્લોટ નં. ૫૦૧/૧, સે. ૧૩-એ) સહિત ઘનશ્યામ ઉર્ફે કાળુ નારણભાઈ કાનાણી (રહે. પ્લોટ નં. ૪૦૬/૧, સે.૧૩-એ) તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ અન્ય એક ૧૭ વર્ષીય કિશોરની ધરપકડ કરી છે.

આ ચારેય આરોપીઓને પોલીસે કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તમામના છ દિવસના જામીન મંજૂર કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે દેવાંશ હત્યા કેસનો મુખ્ય આરોપી માનવ પવાર અગાઉ વાવોલ ખાતે કોઈ ફ્લેટમાં રહેતો હતો અને તે કેન્દ્રિય વિદ્યાલયમાં અભ્યાસ કરતો હોંશિયાર વિદ્યાર્થી હતો. જો કે ધો. ૧૨ સુધી ભણેલા માનવ પવારના માતા-પિતાનું સંજોગોવસાત અવસાન પામતા તે કુછંદે ચઢી ગયો હતો. નજીકના સગામાં કોઈ ના હોવાથી તેને ગુનાખોરીના માર્ગેથી પરત વાળવા કોઈ કહી શક્યુ નહી અને પ્રાપ્ત વિગતો અનુસાર તેણે વાવોલ ખાતેનો પોતાનો ફ્લેટ ભાડે આપીને સે. ૧૩માં રહેવા આવી ગયો હતો. અહીં તે નાના-મોટા ગુના કરવા લાગ્યો હતો અને છેક હત્યા સુધી પહોંચી જવા પામ્યો છે.

# માણસાથી રેવા ગ્રામ સાઈકલ યાત્રા યોજાઈ

ગાંધીનગર તા.૧૪

તાજેતરમાં બીજી ઓક્ટોબર, ગાંધી જયંતી નિમિત્તે માણસાના યુવા મિત્રો - શિક્ષકોએ મકાખડ ખાતેના રેવા ગ્રામ સુધીની સાઈકલ યાત્રા કરીને ગાંધી બાપુને અનોખી અંજલિ આપી હતી. આ મિત્રોએ ગાંધી ગીતો - ભજનો પણ ગાયાં હતાં. ગાંધી વિચારની સર્વોદય પત્રિકાનું વિતરણ કર્યુ હતું. સાથે રેવા ગ્રામમાં શ્રમ કાર્ય કરી આનંદનો લહાવો માણ્યો હતો. આ પ્રસંગે પ્રતાપનગર શાળાના ઉત્સાહી વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. તેમણે છોડ વાવ્યા હતા અને શ્રમકાર્ય પણ કર્યું હતું. આ નિમિત્તે પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલા, અનિલભાઈ રાવલ, હસમુખ અસોડિયા, કમલેશ દવે, આદિત્ય રાવલ, પ્રધ્યોત પ્રિયદર્શી, પરેશ પ્રજાપતિ, વિજયભાઈ, સંતોષ ભાઈ, અજય પ્રજાપતિ, પ્રતાપનગર શાળાના વિદ્યાર્થીઓ વિપુલ બજાણિયા,ચિરાગ નાયક, સુધીર ઠાકોર, પૃથ્વી ઠાકોર, પ્રતીક ઠાકોર, હસનેન મન્સુરી અને પ્રજ્ઞા પટેલ જોડાયાં



શહેરના સહયોગ એપાર્ટમેન્ટ સે-૨૪ ખાતે મહાઅષ્ટમીએ માતાજીને સુંદર શણગાર કરવામાં આવ્યો હતો અને મહાઆરતીનું આયોજન કરાયું હતું.

## દિવ્ય ઉજાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહોત્સવનુ આયોજન કરવામાં આવતુ નથી જયારે કલ્ચરલ ફોરમથી શરૂ થયેલી આ મહાઆરતીનો મહીમા હાલ સેકટરોની શેરીઓમાં પણ દિવ્ય ઉજાસ પાથરે છે. આઠમની રાત્રે સેકટરોની શેરીઓમાં ભવ્ય મહાઆરતીના દિવ્ય નજારાથી અનોખો ઉજાસ પથરાયો હતો. વાતાવરણમાં પણ ધુપ અને અગરબત્તીની મહેંક વચ્ચે માતાજીની મહાઆરતીથી સેકટરવાસીઓમાં અનોખી આધ્યાત્યાત્મિક ઉર્જાનો સંચય થયો હતો. જય અંબેના જયઘોષથી સેકટરોની શેરીઓ ગુંજી ઉઠી હતી. મહાઆરતીની સાથે મહાપ્રસાદનુ પણ વિતરણ કરાયુ હતુ.

શહેરના સેકટરોમાં ચોકઠે ચોકઠે મહાઆરતીના આયોજનથી નવરાત્રિ મહોત્સવના અંતિમ ચરણમાં માંઈ ભક્તોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. આડા દિવસોમાં સુનકાર ભાસતા સેકટરોમાં મહાઆરતીના દિવડાઓની હારમાળાથી દિવ્ય ઉજાસ પથરાયો હતો. મહાઆરતીની સાથે ઘણાં ઠેકાણે મહાઅષ્ટમી નિમિત્તે હવન તેમજ આનંદના ગરબાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

# રૂપાલ પ્રાથમિક કન્યા શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૪

રૂપાલ પ્રાથમિક કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી (દ્રસ્સ્જી) પરીક્ષામાં મેરીટમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જેમાં ધોરણ-૮ની વિદ્યાર્થીની તન્નુબેન રમેશભાઈ પરમારે ૧૨૫ ગુણ તથા ઉર્વશીબેન રમેશભાઈ પરમારે ૧૧૯ ગુણ પ્રાપ્ત કર્યા છે. આ પરીક્ષામાં પાસ થઈ મેરીટમાં સ્થાન મેળવવા બદલ બંને વિદ્યાર્થીનીઓને એસ.એમ.સી. અધ્યક્ષ કાનજીભાઈ કાળુજી ઠાકોર તથા સમગ્ર શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

**Indian Institute of Teacher Education**
(A State Public University Established by Govt. of Gujarat)
Near KH-5, Kha Rd. Sector-15, Near Mahatma Mandir, Gandhinagar-382016

**ચોથો વાર્ષિક પદવીદાન સમારોહ**

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનનો ચોથો વાર્ષિક પદવીદાન સમારોહ ગાંધીનગર ખાતે ગુરૂવાર, તા. ૧૮ નવેમ્બર ૨૦૨૧ના રોજ યોજાનાર છે. વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની વેબસાઈટ www.iite.ac.in ઉપર જઈ ડિગ્રી ફોર્મ નિયત ફી સાથે ભરવાનું રહેશે. ડિગ્રી ફોર્મ ભરવાની આખર તારીખ શનિવાર, તા. ૨૩ ઓક્ટોબર ૨૦૨૧ રહેશે. અન્ય તમામ વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

**તા. ૧૨/૧૦/૨૦૨૧**
**સ્થળ : ગાંધીનગર**
**કુલસચિવ**
માહિતી/૧૨૯૩/૨૧-૨૨

**ગુજરાત જળ સંપતિ વિકાસ નિગમ લી.**
**સેક્ટર - ૧૦/એ, ગાંધીનગર- ૩૮૨૦૧૦**

**નોટીસ નંબર-૦૯/૨૦૨૧-૨૨**

કા.ઈ.(સી) યુનિટ-૨ (સુજલામ-સુફલામ), ૨ જો માળ, સ્ટેટ વોટર ડેટા સેન્ટર, માર્ગ નં-૨, જળ શક્તિ માર્ગ, સેકટર નં-૮, ગાંધીનગર ધ્વારા સ્ટેટ પ્રોગામ મેનેજમેન્ટ યુનીટ (એસ.પી.એમ.યુ) અને ડીસ્ટ્રીક પ્રોગામ મેનેજમેન્ટ યુનીટ (ડી.પી.એમ.યુ) અટલ ભૂજલ યોજના (અટલ જલ) ગુજરાતની કચેરીઓમાં આઉટ સોર્સીંગ ધ્વારા વાહન સુવિધા (વાહન હંકારનારની સેવા સાથે) પુરી પાડવા માટેનાં ઓન લાઈન ટેન્ડરમાં ભાગ લેવા રસ ધરાવતી એજન્સીઓએ વિગતવાર ટેન્ડર/નોટીસ www.gwrde.nprocure.com વેબસાઈટ ઉપરથી વિના મુલ્યે ડાઉનલોડ કરી શકશે.

- ટેન્ડર બીડ અપલોડ શરૂ કરવાની તા.૧૩/૧૦/૨૦૨૧
- ટેન્ડર બીડ ડાઉનલોડ કરવાની છેલ્લી તા.૨૭/૧૦/૨૦૨૧, ૧૮ કલાક સુધી
- ટેન્ડર ફી, ઈએમડી (એફડીઆર/ડીડી), તથા અન્ય ડોકયુમેન્ટ રજી.પો.એ.ડી./ સ્પીડ પોષ્ટ મારફતે પહોંચાડવાની તારીખ અને સમયઃ-તા.૨૮/૧૦/૨૦૨૧ થી તા. ૩/૧૧/૨૦૨૧, ૧૮.૦૦ કલાક સુધી.
- ટેકનિકલ બીડ ખોલવાની તારીખ અને સમયઃ- તા. ૩/૧૧/૨૦૨૧, ૧૫.૦૦ કલાકે.
- પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ અને સમયઃ- તા.૦૩/૧૧/૨૦૨૧, ૧૬.૦૦ કલાકે.

ટેન્ડર ફી રૂપિયા-૩,૦૦૦/- ડી.ડી.સ્વરૂપે તથા ઈએમડી રૂપિયા ૭૭,૦૦૦/- (ડી.ડી અથવા એફડીઆર) "Executive Engineer (C), Unit-2 (s.s) Gandhinagar" ના નામે આપવા તથા તેની સ્કેન કોપી કરીને "ઓન લાઈન" ટેન્ડરમાં મુકવી.

વધુ વિગતો નિગમ / સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in અથવા www.statetenders.com મારફતે જોઈ શકાશે. ફક્ત ઓનલાઈન ટેન્ડર સ્વીકારવામાં આવશે

માહિતી/૧૨૯૭/૨૧-૨૨